આઈએસઆઈએસ પ્રત્યે યુવાઓમાં આકર્ષણથી ચિંતા : રાજનાથ

ગોવાહાટી,તા. ૨૯

ગૃહમંત્રી રાજનાથસિંહે

આજે તમામ રાજ્યના ડીજી અને સુરક્ષા એજન્સીઓના પ્રમુખોની બેઠકને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પોલીસ અને સુરક્ષા એજન્સીઓની દેશના લોકોની સુરક્ષામાં મહત્વની ભૂમિકા રહેલી છે. દેશ આજે સલામત છે તો તે માટે પોલીસ, સુરક્ષા એજન્સીઓ અને અર્ધલશ્કરી દળોને તેનો તમામ શ્રેય આપવો જોઈએ. લોકોને ખાખી વર્દી જોઈને પોતે સુરક્ષિત હોવાનો અહેસાસ થાય છે. રાજનાથસિંહે વધુમાં જણાવ્યું હતું કે, બંગાળમાં પણ હવે આતંકવાદ પ્રસરવા જઈ રહ્યો છે. સાથે જ તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે, દેશના કેટલાક યુવાનો આઈએસ જેવા કટ્ટરવાદી જુથો તરફ આકર્ષિત થઈ રહ્યા છે.જે એક ચિંતાનો વિષય છે. તેમણેવધુમાં ઉમેર્યું હતું કે, અલકાયદા દ્વારા ભારતમાં ઈસ્લામીક રાજ્ય સ્થાપિત કરવાની અપાયેલ ધમકીને આપણે હળવાશથી લેવી ન જોઈએ. દેશની સુરક્ષા સામે હાલ એક મોટો પડકાર છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે દુનિયામાં અનેક આતંકવાદી સંગઠનો કાર્યરત છે. જોકે, તેમાંથી કોઈપણ સંગઠનને ભારતમાં પગ પેંસરો કરવા દેવામાં નહીં આવે.

સીબીઆઈ ચીફ રણજીતસિંહા બેઠકમાં ઉંઘ લેતા નજરે પડ્યા

ગોવાહાટી, તા. ૨૯

દેશના ગૃહમંત્રી આજે ગોવાહાટી ખાતે સુરક્ષા એજન્સીઓ અને રાજ્યોના પોલીસવડાઓની બેઠકમાં આતંકવાદી ખતરાને લઈને ચેતવણી આપી રહ્યા હતા ત્યારે સીબીઆઈના ચીફ રણજિતસિંહા ઉંઘતા નજરે પડ્યા હતા. આજે ગોવાહાટીમાં રાજ્યોના પોલીસ વડાની ૪૯મી ઓલ ઈન્ડિયા કોન્ફ્રન્સની શરૂઆત કરવામાં આવી હતી. આ સમ્મેલનમાં સીબીઆઈ ચીફ તેમજ પોલીસના ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી હતી. રાજનાથસિંહે પોતાના ભાષણમાં અધિકારીઓએ અંગે જણાવ્યું હતું કે, અહીં હાજર સુરક્ષા અધિકારીઓમાંથી મોટાભાગના અધિકારીઓ એવા છે જેઓ નજીકના ભવિષ્યમાં નિવૃત્ત થવાના છે. કોઈ એક, કોઈ બે, કોઈ છ મહિનામાં રિટાયર્ડ થઈ જશે. રાજનાથસિંહે ચેતવણી આપી હતી કે, નિવૃત્ત થઈ જવાનો મતલબ તમામ જવાબદારીઓ પૂરી થઈ હોવાનું ના માની લેતા. નિવૃત્ત થયા બાદ પણ તમારા અનુભવ અને તમારી શક્તિઓને દેશને સુરક્ષિત બનાવવા માટે ઉપયોગ કરતા રહેજો. સરકાર નિવૃત્ત અધિકારીઓની ઉપયોગિતા અંગે ગંભીરતાપૂર્વક વિચારણા કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, રાજનાથસિંહ જ્યારે આટલી મહત્વની વાત કરી રહ્યા હતા ત્યારે બે ડિસેમ્બરે નિવૃત્ત થવા જઈ રહેલ સીબીઆઈના ચીફ રણજીતસિંહા આરામથી ઉંઘી રહ્યા હતા. રણજીતસિંહા ઉંઘ લેતા કેમેરામાં પણ કેદ થઈ ગયા હતા.

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓ અંગે રાજનાથસિંહે જણાવ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં થતાં આતંકી હુમલાઓ પાછળ પાકિસ્તાન સરકાર જવાબદાર છે. કાશ્મીરના આતંકવાદીઓને પાકિસ્તાન સરકાર જ સંરક્ષણ પુરુ પાડે છે.

આ સાથે જ ગૃહમંત્રીએ જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૧૯ સુધી દેશના તમામ નેશનલ હાઈવેને સીસીટીવી કેમેરાથી સજ્જ કરી દેવાશે. તેમણે એમપણ કહ્યું હતું કે, નાના બંદરોની સુરક્ષા તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.વર્તમાન સુરક્ષા વ્યવસ્થા પુરતી નથી. બંદરોની સુરક્ષા વધારવાની જરૂર છે.

કોર્સ માટે નોંધણીમાં ૫૧ ટકાનો વધારો થયો

સીએ કોર્સ માટે મહિલામાં હવે ક્રેઝ સતત વધી રહ્યો છે

ચેન્નાઈ,તા. ૨૯

ભારતમાં છેલ્લા તોડાક વર્ષોમાં સીએમાં મહિલાઓનો ક્રેઝ વધી રહ્યો છે. આના માટે અનેક કારણો જવાબદાર રહ્યા છે. સીએના પ્રોફેશનમાં હવે મહિલાઓ ઝડપથી આગળ આવી રહી છે. મળેલા આંકડા આ મુજબની વાત કરે છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા યોજવામાં આવનાર સીએ કોર્સ માટે સીપીટીમાં નોંધણી માટે મહિલાઓની સંખ્યામાં છેલ્લા બે વર્ષના ગાળામાં ૫૧ ટકા સુધી વધારો થયો છે. વર્ષ ૨૦૧૨માં સંખ્યા ૨૭૮૮૪ હતી જે વધીને વર્ષ ૨૦૧૩માં ૩૩૪૬૦ ઉપર પહોંચી ગઈ હતી અને હવે આ સંખ્યા વર્ષ ૨૦૧૪માં ૪૧૯૫૭ સુધી પહોંચી ગઈ છે. સામાન્ય રીતે તમામ પ્રોફેશનલ કોર્સમાં મહિલાઓ સક્રિયરીતે આગળ આવી રહી છે. સીએ કોર્સમાં પણ આવી જ સ્થિતી છે. કારણ કે આ ક્ષેત્રમાં હાલ નોકરીની તક સતત વધી રહી છે. સારા પગરાની ઓફર વિવિધ કંપનીઓ દ્વારા ભારત અને વિદેશમાં કરવામાં આવી રહી છે. જેથી મહિલાઓ પણ આમાં આગળ આવી છે. આઈસીએઆઈના પ્રમુખ કે. રઘુ દ્વારા માહિતી આપતા જણાવાયું છે કે મહિલાઓ પણ હવે આગળ આવી રહી છે. ભારતમાં સીએ પૈકી મહિલાઓની ટકાવારી ૨૨ ટકાની આસપાસ છે. આ સંખ્યા આવનાર દિવસોમાં સતત વધી શકે છે. કારણ કે મહિલાઓનો ક્રેઝ આમાં વધી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે સીઈમાં મહિલાઓ આગળ આવવા માટે અન્ય કારણો પણ છે. આઈસીએઆઈના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૨માં કુલ મેમ્બરશીપ પૈકી મહિલા સીઈએનો આંકડો ૨૦ ટકા હતો. જે વર્ષ ૨૦૧૩માં વધીને ૨૧ ટકા થયો હતો અને નવેમ્બર ૨૦૧૪ના આંકડા મુજબ હવે સંખ્યા ૨૨ ટકા સુધી વધી ગઈ છે. હાલમાં ૫૦૦૦૦૦ મહિલા સીએ છે. નિષ્ણાતો કહે છે કે રોજગારી માટે હવે શિક્ષણ મહત્વપૂર્ણ ચે તેવી સ્થિતીમાં તમામ મહિલાઓ પણ શિક્ષણના મહત્વને સમજવા લાગી ગઈ છે.

વિકાસમાં પછાત રહેલ બાળક જેવી ઝારંખડની સ્થિતિ : મોદી

મોદીએ ઝારખંડવાસીઓને મજબુત સરકાર બનાવવાની અપીલ કરી : ફરીવખત પરિવારવાદ ઉપર કર્યા પ્રહારો

રાંચી,તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં આજે એક ચુંટણી સભાને સંબોધિત કરતા સ્થાનિક રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સાથે જ તેમણે લોકોને રાજ્યનો વિકાસ કરવા માટે ભાજપને પૂર્ણ બહુમત આપવા અપીલ કરી હતી. ઝારખંડની રાજધાની રાંચીમાં ચુંટણીસભાને સંબોધિત કરતા મોદીએ જણાવ્યું હતું કે, લોકસભાની ચુંટણીમાં ઝારખંડના લોકોએ ભાજપને મોટાપાયે સમર્થન કર્યું હતું, તે બદલ તેમનો હું આભાર માનું છું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તમારા સમર્થનના કારણે જ દિલ્હીમાં મજબુત સરકાર બની છે. ત્યારે હવે તમે જે રીતે સમર્થન આપી દિલ્હીમાં મજબુત સરકાર બનાવી તે રીતે રાજ્યમાં પણ ભાજપને સમર્થન આપી મજબુત સરકાર બનાવો.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણા દેશમાં એક સમયે એવી સ્થિતિ હતી કે લોકો મતદાન તો કરતા હતા જોકે કોઈ પાર્ટીને બહુમત નહતા આપતા જેના કારણે ટેકાવાળી સરકાર રચાતી હતી. જોકે હવે પરિસ્થિતિ બદલાઈ ચુકી છે. અત્યારે લોકો કોઈ જોખમ ઉઠાવવા તૈયાર નથી. દેશના યુવાઓ વધુ સમય રાહ જોઈ શકે તેમ નથી. જેના કારણે લોકો મોટા પ્રમાણમાં મતદાન કરીને મજબુત સરકાર બનાવી રહ્યા છે. મોદીએ ઝારખંડના લોકોને મજબુત સરકાર બનાવવાની હિમાયત કરતા જણાવ્યું હતું કે, ઝારખંડની બીમારીઓને દૂર કરવા માટે મજબુત સરકાર એ જ એકમાત્ર વિકલ્પ છે. ઝારખંડમાં હવે ટેકાવાળી સરકાર નહીં ચાલે. અડધો અધુરો ચુકાદો લોકોને પણ મંજુર નથી. ત્યારે ભાજપને પૂર્ણબહુમતિથી જીત અપાવી રાજ્યનો વિકાસ કરવાની તક આપો. આ પહેલા આજે જમશેદપુરમાં પણ મોદીએ ચુંટણી સભાને સંબોધન કર્યું હતું. જેમાં તેમણે ઝારખંડનું તુલના ૧૪ વર્ષના એવા બાળક સાથે કરી હતી જેનો વિકાસ રુંધાઈ રહ્યો છે.

ફિલ હ્યુઝના અંતિમ સંસ્કાર બુધવારે કરાશે

ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ટેસ્ટ સ્થગિત કરાઈ

સિડની,તા. ૨૯

ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ફિલ હ્યુઝના દુઃખદ અવસાનના કારણે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૪ ડિસેમ્બરથી રમાનાર પ્રથમ ટેસ્ટ મેચ સ્થગિત કરી દેવામાં આવી છે. બુધવારે ફિલ હ્યુઝના અંતિમ સંસ્કાર કરવામાં આવનાર છે. ત્યારે આ અંતિમ સંસ્કારમાં ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના ખેલાડીઓ ભાગ લઈ શકે તે માટે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ દ્વારા આ નિર્ણય લેવાયો છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તરફથી જાહેર કરાયેલ નિવેદનમાં જણાવાયું છે કે, ૪ ડિસેમ્બરથી ટેસ્ટ મેચ શરૂ કરવી તે યોગ્ય અને સંભવ પણ નથી. નિવેદનમાં જણાવાયું છે કે, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ટેસ્ટ આગામી ગુરુવારથી બ્રિસ્બેન ખાતે શરૂ થનાર હતી. જોકે, ફિલ હ્યુઝના અકાળે અવસાનના કારણે ઉદાસ થઈ ગયેલ ઓસ્ટ્રેલિયન ક્રિકેટરોને માનસિકરીતે તૈયાર થવા માટે સમય મળે તે માટે પ્રથમ ટેસ્ટ મેચ અનિશ્ચિત સમય સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના અધિકારીઓના જણાવ્યા મુજબ, હ્યુઝના અંતિમ સંસ્કાર તેના પિતૃ શહેર મેક્સવીલેમાં બુધવારે કરવામાં આવનાર છે. આ અંતિમ સંસ્કારમાં ખેલાડીઓ ભાગ લઈ શકે તેમજ તેમને માનસિક તૈયારી માટે સમય મળી રહે તે માટે પ્રથમ ટેસ્ટ સ્થગિત કરવામાં આવી છે. આ અંગે બોર્ડ ઓફ ક્રિકેટ કંટ્રોલ ઈન ઈન્ડિયા (બીસીસીઆઈ)ને પણ જાણ કરી દેવાઈ છે. આ સાથે જ આવતીકાલથી શરૂ થનાર બે દિવસીય પ્રેક્ટીસ મેચને પણ સ્થગિત કરી દેવામાં આવી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જણાવ્યું હતું કે, આવી કપરી સ્થિતિમાં બીસીસીઆઈ અને ભારતીય ટીમે પણ ખૂબ જ સહયોગ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર વોટ્સન, ડેવીડ વોર્નર, બ્રેડ હેડીન સહિતના કેટલાક ખેલાડીઓ દ્વારા પોતે પ્રથમ ટેસ્ટ રમવા માટે તૈયાર ન હોવાની રજુઆત ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સમક્ષ કરવામાં આવી હતી.

શ્રીનગરના લાલચોક ઉપર આતંકી હુમલો : ૯ ઘાયલ

શ્રીનગર,તા. ૨૯

જમ્મુના અરનિયા સેક્ટરમાં આતંકવાદી હુમલો કર્યાના બે દિવસ બાદ આજે બપોરે ફરી શ્રીનગરના ઐતિહાસિક લાલચોક વિસ્તારમાં સંદિગ્ધ આતંકવાદીઓ દ્વારા ગ્રેનેડ વડે હુમલો કરાતા ચકચાર મચી જવા પામી હતી. લાલચોકને નિશાન બનાવી કરાયેલ આ હુમલામાં એક પોલીસ સબ ઈન્સપેક્ટર સહિત કુલ ૯ વ્યક્તિઓ ઘાયલ થયા હોવાની માહિતી મળી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ, લાલચોક પર આવેલ સીઆરપીએફના બંકરને નિશાન બનાવી હેન્ડગ્રેનેડ ફેંકવામાં આવ્યો હતો. જેના કારણે એક મહિલા, બે બાળકો, સીઆરપીએફના એક સબ ઈન્સપેક્ટર સહિત કુલ ૯ વ્યક્તિઓ ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર અર્થે આર્મી હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જોકે લાલચોક શ્રીનગરનો ભીડભાડવાળો વિસ્તાર ગણાય છે. ત્યારે આ ભીડનો ફાયદો ઉઠાવી

આતંકવાદીઓ ફરાર થયા હોવાની જાણકારી મળી છે. હજુ સુધી આ હુમલાખોરો અંગે સુરક્ષા એજન્સીઓને કોઈ માહિતી મળી નથી. દરમિયાન જમ્મુના ડોડા વિસ્તારમાં આતંકવાદીઓના અડ્ડાઓ ઉપર રેડ દરમિયાન એક એકે-૪૭ રાઈફલ, ચાઈનીઝ બનાવટી પિસ્તોલ અને મોટી માત્રા કારતુસ જપ્ત કરાયા છે. રેડ દરમિયાન ચાર હેન્ડ ગ્રેનેડ અને ૨ રેડિયોસેટ પણ જપ્ત કરાયા છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચુંટણીનું પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ચુક્યું છે. આ વખતે વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીની સ્થિતિ મજબુત જણાઈ રહી છે. ત્યારે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ઉભો કરી મતદાનમાં ખલેલ પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે આ હુમલાઓ કરાતા હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. વિધાનસભાની ચુંટણીમાં હજુ ચાર તબક્કાનું મતદાન બાકી છે ત્યારે આગામી સમયમાં સુરક્ષા જવાનો માટે અનેક પડકારો સર્જાય તેવી શક્યતા છે.

રૂપિયા ૧૦ની પ્લાસ્ટીકની નોટ હવે ચલણમાં મુકાશે

નવી દિલ્હી,તા. ૨૯

ભારત સરકારે જાહેર કરેલ નોટિસ મુજબ હવે ૧૦ રૂપિયાની નોટ કાગળને બદલે હવે પ્લાસ્ટિકની બનેલી હશે. જોકે, બજારમાં ફરી રહેલ ૧૦ રૂપિયાની ચલણી નોટોને પણ હાલ પુરતી અમલી રખાશે. સુત્રોના જણાવ્યા મુજબ, સરકારે જાહેરનામું પ્રસિદ્ધ કર્યુંછેકે, દેશના પાંચ શહેરોમાં ટ્રાયલરૂપે ૧૦ રૂપિયાની એક અરબ પ્લાસ્ટીકની નોટો અમલમાં મુકાશે. આ પાછળનો મુખ્ય હેતુ નોટોનું આયુષ્ય વધારવાનો તેમજ નકલી નોટોના વપરાશ પર અંકુશ લાવવાનોછે. જે પાંચ શહેરોમાં ટ્રાયલરૂપે પ્લાસ્ટીકની નોટો અમલી બનાવવામાં આવનાર છે તેમાં કોચી, મૈસુર, જયપુર, સિમલા અને ભુવનેશ્વરનો સમાવેશ થાય છે. આ શહેરોની પસંદગી તેમની ભૌગોલિક તેમજ ઋતુઓની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કરવામાં આવી છે. ભારતીય રિઝર્વ બેંકના જણાવ્યા મુજબ આ એક ટ્રાયલ છે જેમાં કાગળની ચલણી નોટને બદલે પ્લાસ્ટીકની નોટને લોકો તરફથી કેવો પ્રતિસાદ મળે છે તેનો અભ્યાસ કરવામાં આવશે.

જયલલિતા આઈટી કેસમાં દંડ ચુકવીને રાહત મેળવશે

ચેન્નાઈ,તા. ૨૯

તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન અને અન્નાદ્રકુમકના નેતા જયલલિતાને ૧૮ વર્ષ જુના ઈન્કમ ટેક્સ રીટર્ન કેસમાં મોટી રાહત મળે તેવી શક્યતા છે. કારણ કે જયલલિતા દંડની રકમ ચુકવી કેસમાંથી રાહત મેળવી શકે છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે કેન્દ્રિય કાયદા

મંત્રાલય દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાઈરેક્ટ ટેક્સને કોર્ટની બહાર આ કેસને ઉકેલી લેવા માટે તેના વિકલ્પ સુચવ્યા છે. જેમાં કહેવામા આવ્યુ છે કે જો જયા શરત પાળવા માટે રાજી થાય છે તો તેમને રાહત આપી શકાય છે. આવા કેસોની હાલમાં સમીક્ષા કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આરોપીને વ્યાજ સાથે દંડની રકમ ચુકવી દેવી પડશે. સાથે સાથે કાયદાકીય ખર્ચ ઉપાડવો પડશે. સીબીડીટીના સુત્રોએ આ મુજબની માહિતી આપી છે. કેન્દ્રિય કાયદા મંત્રાલય દ્વારા વ્યાપક વિચારણા હાથ ધરવામાં આવી છે. બોડ પણ માને છે કે આ રિટર્ન દાખલ નહી કરવા સાથે સંબંધિત છે. કોઈ ટેક્સ ચોરીનો કેસ નથી. જયલલિતાને દંડની રકમ કેટલી હોઈ શકે છે તે સંબંધમાં હજુ સુધી ગણતરી કરવામાં આવી નથી. જો કે દંડની રકમ ખુબ મોટી હોઈ શકે છે. જયલલિતા અને તેમના સખી શશીકલા નટરાજન વર્ષ ૧૯૯૨-૯૩ અને ૧૯૯૩-૯૪ના ગાળા દરમિયાન ટેક્સ રિટર્ન નહી ભરવા બદલ કાયદાકીય કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે. આ મામલે આઈટી એક્ટ હેઠળ કલમ ૨૭૬ (સીસી) હેઠળ સજા થઈ શકે છે. કેસો વર્ષ ૧૯૯૬માં દાખલ કરવામાં આવ્યા હતા. આ કેસને લઈને હાલમાં ચર્ચા રહી હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે આ વર્ષે ૩૦મી જાન્યુઆરીના દિવસ ચાર મહિનામાં ટ્રાયલ પૂર્ણ કરવા ઈકોનોમિક ઓપેન્સ કોર્ટને આદેશ કર્યો હતો. જો કે ત્યારબાદ કોર્ટે તારીખ છઠ્ઠી સપ્ટેમ્બર ૨૦૧૪ સુધી લંબાવી હતી.

નો-ઇબોલા સર્ટિ હશે તો જ ભારતમાં મળશે પ્રવેશ

નવી દિલ્હી,તા. ૨૯

પશ્ચિમ આફ્રિકા તેમજ વિશ્વના અનેક દેશોમાં હાહાકાર મચાવનાર ઈબોલા વાયરસને લઈ હવે ભારત સરકાર વધુ સચેત થઈ ગઈ છે. ભારત સરકારે ઈબોલા વાયરસગ્રસ્ત દેશોમાં પ્રવાસ કરીને આવતા લોકોને જણાવ્યું છે કે તેમણે એમની સાથે એક સર્ટિફીકેટ રાખવું પડશે જેમાં એવું દર્શાવેલું હોય કે તેમના શરીરના પ્રવાહીમાં આ ખતરનાક વાયરસના કોઈ લક્ષણ નથી. મળતી માહિતી મુજબ, થોડાક દિવસો પહેલા એવી ઘટના સામે આવી હતી જેમાં એક વ્યક્તિ આ રોગમાંથી સાજો તો થયો હતો પરંતુ તેના વીર્યમાં આ વાયરસ હોવાનું જાણવા મળતા ખળભળાટ મચી ગયો હતો. જેના કારણે હવે કેન્દ્ર સરકારને આવો નિર્ણય લેવાની ફરજ પડી છે. કેન્દ્રીય આરોગ્યમંત્રી જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિને ઈબોલાની સારવાર બાદ ડિસ્ચાર્જ કરવામાંઆવી હોય પણ તેની પાસે તે સંબંધિત દેશના આરોગ્ય મંત્રાલયે આપેલું સર્ટિફીકેટ ન હોય તો તેમણે એમને ડિસ્ચાર્જ કરાયાના ૯૦ દિવસ સુધી ભારતના પ્રવાસે આવવું નહીં એવી સલાહ આપવામાં આવી છે.

ડો. રાજકુમાર મેમોરિયલના ઉદઘાટન પ્રસંગે દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંત અને મેગા સ્ટાર ચિરંજીવીએ પુષ્પોથી સજાવેલ બોડ અર્પણ કર્યું હતું.

બિહારમાં ન્યુમોનિયાના લીધે દરરોજ ૧૦૦ બાળકના મોત

પટણા,તા.૨૯

બિહારમાં ન્યુમોનિયાના કારણે દરરોજ ૧૦૦ બાળકોના મોત થઈ રહ્યા છે. એક નવા સર્વેમાં આ મુજબની ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ન્યુમોનિયાના કારણે સૌથી વધુ બાળકો હાલ સકંજામાં આવી રહ્યા છે. સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા પુરતા પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં ન્યુમોનિયાના કારણે બાળકોના સતત મોત થઈ રહ્યા છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રવાહને રોકવા માટે જે રીતે પોલિયોની સામે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી તેવી જ ઝુંબેશ હાથ ધરવાની જરૂર છે. આ રિસર્ચ સ્ટડીને બિલ એન્ડ એલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા ફંડની રકમ આપવામાં આવી હતી. આ સર્વે અને અભ્યાસની કામગીરી લખનૌના કિંગ જ્યોર્જ મેડિકલ કોલેજના પ્રોફેસર શેલી અવસ્થીના નેતૃત્વમાં હાથ ધરવામાં આવી હતી. શૈલીએ કહ્યું હતું કે ન્યુમોનિયાના ખતરનાક રોગને રોકવા માટે તરત અસરકારક પગલા લેવાની જરૂર છે. ન્યુમોનિયા મોટા ભાગે કુપોષણ, સ્તનપાન અને સમયસર પર રશીકરણ ન હોવાના કારણે થાય છે. સેમિનારમાં અન્ય કેટલાક અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. પોલિયો જેવી જ ઝુંબેશ હાથ ધરવાની જરૂર ઉભી થઈ છે. ન્યુમોનિયા અંગે વ્યાપક જાગરૂકતા ફેલાવવાની પણ હાલમાં જરૂરીયાત છે.

સમાચાર ઝલક

- તેલ ઉત્પાદનમાં ઘટાડો નહીં કરવા ઓપેક દેશોનો નિર્ણય.
- ગુજરાત ઉત્પાદન-નિકાસ ક્ષેત્રે પ્રથમ નંબરે- ઉર્જામંત્રીશ્રી સૌરભ પટેલ.
- અમદાવાદમાં પાસાના કેદીને જેલમાં લઈ જવાને બદલે કેદીને પોતાના ઘરે લઈ જવાયો ત્યાંથી ફરાર થયો.
- રાજ્યમાં ૧૧મી ડીસેમ્બરથી ખેડૂત મેળો યોજાશે. ૫૦ હજાર ટ્રેક્ટરોની સહય લોન અપાશે.
- સાબરમતી નદીના શુધ્ધિકરણ પ્રોજેક્ટની રૂ. ૪૫૫ કરોડની કેન્દ્ર સકારની મંજુરી.
- ડીસેમ્બરથી સ્ટીલના ભાવમાં રૂ. ૧૦૦૦નો ઘટાડો થશે.
- ઉત્તરપ્રદેશમાં હવે ઈ-શૌચાલય શરૂ કરાયા. તમામ વ્યવસ્થા ઓટોમેટિક.
- પાકિસ્તાનની શરમજનક હાલત, કોઈ પણ દેશની ટીમ ક્રિકેટ રમવા આવવા તૈયાર નથી.
- હવે ધો-૫ થી ૮માં નબળા વિદ્યાર્થીઓને નાપાસ કરાશે.
- ભારતનું સૌ પ્રથમ ગોલ્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદમાં સ્થપાશે.
- અમદાવાદ-મોરબીની બસમાં સરકારી કર્મચારીને ઘેની પદાર્થ પીવડાવીને લુંટી લીધો.
- સ્વ. કવિશ્રી રમેશ પારેખની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે કવિતાઓમાં ભીંજાઈને શ્રોતાઓએ ઉજવી.
- શારિરીક કસરતના અભાવે ૪૦ ટકા વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય નબળું હોય છે.